ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 22nd December, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
..............................................................., ભાવનગર.

## ૨૧ ડિસેમ્બર : વર્ષની લાંબામાં લાંબી રાત્રી અને ટૂંકામાં ટૂંકા દિવસે ગુરુ અને શનિ ગ્રહની અદ્ભુત અદ્વિતીય યુતિ નિહાળી લોકો થયા મંત્રમુગ્ધ.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

વર્ષ ૨૦૨૦માં વર્ષનો સૌથી ટુંકો દિવસ અને લાંબી રાત્રી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ ૩૯૭ વર્ષ બાદ નૈઋત્ય (દક્ષિણ-પશ્ચિમ) દિશામાં સુર્યાસ્ત બાદ ગુરુ અને શનિ ગ્રહની અદ્ભુત અદ્વિતીય યુતિ નિહાળવા મળી. જે અંગે વધુ વિગતો આપતા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષીએ જણાવ્યું કે, ગુરુ અને શનિ ગ્રહ વચ્ચેનું વાસ્તવિક અંતર આશરે ૭૩૫ મિલિયન કિ.મી જેટલું છે. પરંતુ પોતાની પરિભ્રમણ કક્ષા અને પરીભ્રમણ વેગને કારણે સૂર્ય મંડળના આ સૌથી મોટા બે ગ્રહ ગુરુ અને શનિ ૧૬ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર દરમ્યાન પોતાની ભ્રમણ કક્ષામાં એકબીજા સાથેનાં કોણીય અંતરમાં સતત ઘટાડો થવાથી ૨૧ ડિસેમ્બરે બંને એકબીજાથી ૦.૧ ડીગ્રીના કોણીય અંતરે જોવા મળ્યા હતા. ૧૬ જુલાઈ, ૧૬૬૩ના દિવસે આ પ્રકારની ઘટનાની નોંધ કરવામાં આવેલ. ત્યાર પછી ૩૯૭ વર્ષ બાદ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૦ને સોમવારના રોજ આ બંને ગ્રહો આટલા નજીક આવ્યા (ખરેખર નજીક નહિ, પરંતુ બંનેની ભ્રમણ કક્ષાના અક્ષમાં થયેલ ટૂંકા સમયનો ફેરફાર) હતા.

આ ઘટનાની વિશેષતા અને મુલ્યને ધ્યાનમાં રાખીને કોવીડ-૧૯ની કપરી પરિસ્થિતિમાં કોવીડ-૧૯ની સરકારશ્રીની ગાઈડલાઈન્સને અનુસરીને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા અગાઉ થી નોંધણી કરાયેલ ૧૦૦ લોકો માટે સમયાંતરે ટેલિસ્કોપ વડે નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવેલ. લોકોએ આ ઘટનાને ટેલીસ્કોપથી નિહાળીને પોતાના પ્રતિભાવ આપતા જણાવેલ કે

<u>શ્રી ચીથરભાઈ ડાભી</u> (ગ્રામજન, રુવા ગામ) ગુરુ ગ્રહ હનુમાનજી ની જેમ શનિ ગ્રહને પોતાના ખભા પર ઉચકીને લઇ જાય રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

<u>શ્રી ભાવેશભાઈ વ્યાસ</u> (શિક્ષક, ધનેશ મહેતા સ્કુલ, ભાવનગર) પુસ્તકમાં વર્ણન વાચ્યા બાદ, પ્રત્યક્ષ જોવાનો આનંદ જ અનેરો છે.

<u>ડો. હિતેશ શાહ</u> (સર પી. પી. સાયન્સ કોલેજ, ભાવનગર) આ જીવન સાર્થક થયું, જીવન પર્યતનો યાદગાર અનુભવ.

૨૨/૧૨/૨૦૨૦
5:30 pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.